# સાબરકાંઠાના બાયડમાં ત્રણ અને મોડાસામાં સવા બે ઈંચ વરસાદ

હિંમતનગર, તા.૧૮

સાબરકાંઠા જિલ્લામાં સોમવારની રાત્રી દરમિયાન કલાકમાં બાયડમાં ૩ ઈંચ, ખેડબ્રહ્મામાં પોણા ત્રણ ઈંચ, મોડાસામાં સવા બે ઈંચ અને હિંમતનગરમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો જયારે દિવસ દરમિયાન સૌથી વધુ વરસાદ પોણા બે ઈંચ વરસાદ નોંધાયો હતો. હિંમતનગરમાં રાત્રિ દરમિયાન બે અને દિવસ દરમિયાન એક મળી ત્રણ ઈંચ વરસાદને કારણે પાણીના નિકાલના અભાવે હિંમતનગર છાપરિયા વિસ્તારમાં આવેલી વિશ્વકર્મા સોસાયટીમાં પાણી ભરાયું હતું. બીજી તરફ ગાંધી આશ્રમ શાળા ખાતે મેદાનમાં પણ પાણી ભરાઈ ગયું હતું અને હિંમતનગરના માર્કેટયાર્ડ પ્રવેશ દ્વારા ઢીંચણ સમા પાણી ભરાઈ ગયા હતા. હિંમતનગર ખાતે જિલ્લા ડિઝાસ્ટર કચેરી ખાતેથી મળેલ માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં સોમવાર રાત્રીથી મંગળવાર સવાર સુધીના દરમિયાનમાં બાયડમાં હિંમતનગરમાં-૫૧ મીમી, ઈડરમાં ૧૬ મીમી, વડાલીમાં ૪ મીમી, ખેડબ્રહ્મામાં ૬૫ મીમી, ભિલોડામાં ૧૯ મીમી, વિજયનગર ૨૭ મીમી, મોડાસામાં ૫૮ મીમી, માલપુરમાં ૩૦ મીમી, મેઘરજમાં ૩૫ મીમી, ધનસુરામાં ૩૨ મીમી, બાયડમાં ૭૦ મીમી, પ્રાંતિજમાં ૧૯ મીમી અને તલોદમાં ૧૨ મીમી વરસાદ નોંધાયો હતો જયારે મંગળવારે સવારે ૬ થી સાંજના ૬ વાગ્યા દરમિયાનમાં જિલ્લાના ૬ તાલુકામાં વરસાદ નોંધાયો હતો.

જેમાં હિંમતનગરમાં ૨૫ મીમી, ઈડરમાં ૧૦ મીમી, ધનસુરામાં ૩૬ મીમી, બાયડમાં ૨૦ મીમી, પ્રાંતિજમાં ૪૦ મીમી અને તલોદમાં ૨૦ મીમી વરસાદ નોંધાયો હતો.

# તલોદ તાલુકામાં વાવાઝોડાને પગલે અનેક ગામોમાં ભારે નુકશાન

(તસવીર : દશરથ વણઝારા, તલોદ)






તલોદ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ઉજેડીયા ગૃપ ગ્રામ પંચાયતના તાબાના વક્તાપુર, તોરણીયા અને ઉજેડીયા ગ્રામ પંથકમાં ગત રોજ રવિવારે સાંજે ત્રાટકેલા પ્રચંડ ઝંઝાવાતી વાવાઝોડાએ ભારે વિનાશક ભૂમિકા ભજવીને સેંકડો લોકોને 'ઉપર આભ અને નીચે ધરતી' વચ્ચે જાણે કે નિરાધાર અને દયનીય હાલતમાં ધકેલી દીધા હતા. ચક્રાવાત સમા ત્રાટકેલા આ વાવાઝોડાએ ત્રણે ગામ પંથકનાં નાના-મોટા મળી લગભગ ૧૦૦ જેટલા મકાનોના, ઢાળિયાના અને બોરકુવાના છાપરા ઉડાવી દીધા હતા.

મોભીયા અને દોરીયા સહિત મણબંધ વજનના પતરાં પત્તાના મહેલની જેમ ઉડી ઉડીને દૂરસુદૂર ફંગોળાઈ ગયા હતા. પરિણામે સંખ્યાબંધ મકાનો તેમાં રહેતા પરિવારજનો અને પાલક પશુઓ નોંધારા થઈ ગયા હતા. ઝંઝાવાતી પવનના તેજ સુસવાટા, મૂળશધાર વરસાદ, ચોર અંધકાર અને આકાશમાંથી થતા તેજ વિજ લિસોટા તેમજ વિજ કડાકાથી સમગ્ર પંથક ઘટના સમયે હલબલી ગયો હતો અને લોકોના જીવ તાળવે ચોંટી જાય તેવી દયનીય સ્થિતિનું નિર્માણ થયું હતું. થોડીક જ મિનિટો માટે અણગમતી મહેમાનગતિ માણી ગયેલા આ વિનાશક વાવાઝોડાએ ચોમેર તબાહીના દશ્યો સર્જી દીધા હતા. દશેક મિનિટના આ મહાતાંડવમાં દાયકાઓ પુરાણા સંખ્યાબંધ તોતીંગ વૃક્ષોનો સોથ વળી ગયો હતો. વિજ પુરવઠો વહન કરતા જીવંત તાર અને વિજળીના પોલ પણ હચમચી ગયા હતા. ક્યાંક ક્યાંક તે ભોંય પર પટકાઈ પડેલા જોવા મળ્યા હતા.

કમનસીબે આ વિનાસક વાવાઝોડામાં લકવાના રોગને કારણે પથારીવશ એવા એક વૃદ્ધ પતરાના મારથી ઈજાગ્રસ્ત બન્યા હતા. જ્યારે વક્તાપુર અને તોરણીયા ગામ ખાતે અનુક્રમે પતરા વગેરે પડવાથી તથા તોતીંગ મહુડાના ભોંય ભેગા થયેલા વૃક્ષ નીચે દબાઈ-કચડાઈ જવાથી બે ભેંસોના ઘટનાસ્થળે જ કારમા મોત નિપજ્યા હતા. ત્રણે ગામની સ્થિતિ જોતાં સદભાગ્યે કોઈ પણ જાતની માનવ જાનહાની થવા પામી નથી.

વક્તાપુર ગામમાં સંખ્યાબંધ મકાનોમાં મેઘરાજા અને ઝંઝાવાતી વાવાઝોડાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. પંથકનો કોઈપણ વ્યક્તિ કંઈ સમજે કે વિચારે તે પહેલાં ગણતરીની મિનિટોમાં જ નાના છાપરાથી માંડી બે બે માળના મકાનોના છતના છાપરા મોભીયા-દોરીયા સાથે ઉડવા લાગ્યા હતા. વીજળીના તાર તુટતાં અંધકાર છવાઈ ગયો હતો. દેવસ્થાનના છાપરાં, મકાનોના છાપરાં અને પાલક પશુઓ માટે બનાવેલ ઢાળિયાના છાપરાં તથા તોતીંગ વૃક્ષો અને દિવાલોને પણ આ વાવાઝોડાએ બેરહમ શિકાર બનાવ્યા હતા. ખેતરમાં ઉભેલા પાકનો સોથ વળી ગયો હતો. ગામના પ્રવેશદ્વારના રોડ ઉપર જ તોતીંગ ઝાડ તુટી પડતાં તે રસ્તો સદંતર બ્લોક થઈ ગયો હતો. બીજે દિવસે પણ વરસાદ ત્રાટકશે અને બીજું પણ નુકશાન કરશે તેવા સંભવિત ભયને કારણે ઘટનાનો ભોગ બનનાર લોકોએ હાથ લાગ્યું તે હથીયાર માની જેટલા પતરાં મળ્યા તેટલાં લગાવવાની કામગીરી હાથ ધરી હતી. વક્તાપુર ગામના એક લકવાગ્રસ્ત વૃદ્ધ હિરસિંહ નાથુસિંહ પરમાર ઉપર એક પતરૂ આવી પડતાં તેઓ ઈજાગ્રસ્ત બન્યા હતા. જેઓને દાક્તરી સારવાર લેવાની ફરજ પડી હતી.

## ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કુલનું ગૌરવ

ધનસુરા, તા. ૧૮

ધનસુરા કેળવણી મંડળ સંચાલિત જે.એસ. મહેતા હાઈસ્કૂલ ધનસુરામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ચાલુ સાલે લેવાયેલ પરીક્ષાના પરિણામ ૮૮ ટકા આવ્યું છે. અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૭.૭૪ ટકા સાથે જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

જે.એસ. મહેતા હાઈસ્કુલમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં લેવાયેલી પરીક્ષામાં ચૌધરી દેવાંગ ધીરુભાઈ પટેલને ૭૨ ટકા સાથે શાળામાં પ્રથમ તેમજ ચૌધરી નૈયા કિરીટભાઈ ૭૧ ટકા મેળવી શાળામાં બીજો નંબર મેળવ્યો હતો અને ઉમરાણીયા પરા ભરતભાઈએ ૬૮ ટકા મેળવી તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં શાળાએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. વૈશાલીબેને પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. વૈશાલીબેન ઘનશ્યામભાઈ ૮૯.૭૧ ટકા મેળવી શાળામાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. રાવલ અજય ૮૩.૮૫ ટકા સાથે દ્વિતીય દેસાઈ સેજલ હરિભાઈ ૮૩.૭૧ ટકા સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ધોરણ-૧૦ એસ.એસ.સી.ની લેવાયેલી પરીક્ષામાં શાળાનું પરીણામ ૯૨.૨૫ ટકા આવ્યું હતું. જેમાં સુથાર પ્રવિણકુમાર ચંપાલાલ ૯૪.૦૫ ટકા સાથે પ્રથમ ક્રમ, પટેલ યશ અનંતકુમાર ૯૫.૦૫ ટકા સાથે દ્વિતીય ક્રમ તેમજ પટેલ સુરીલકુમાર વિશ્વેશભાઈ ૯૨.૮૩ ટકા સાથે તૃતીય સ્થાન મેળવ્યું હતું. આ સર્વે વિદ્યાર્થીઓએ શાળા તેમજ ધનસુરાનું ગૌરવ વધારતા કેળવણી મંડળના પ્રમુખ જેવી શાહ મંત્રી જે.સી. શાહ, એસ.જી. પટેલ તેમજ શાળાના આચાર્ય પી.આર. દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ડીસામાં વરસાદી માહોલ વચ્ચે ગંદકીનું સામ્રાજય

## અનેક સ્લમ વિસ્તારમાં બિમારીએ માથું ઉંચક્યું

ડીસા, તા. ૧૮

ડીસા શહેરમાં રોગચાળાનો ખતરો તોળાઈ રહ્યો છે.



વરસાદનો માહોલ સર્જાયો છે ત્યારે સફાઈના અભાવે ગંદકીનું સામ્રાજ્ય છવાયું છે. ઠેર ઠેર ગંદા પાણીના ખાબોચીયા અને કચરાના ઢગલામાં જોવા મળતા ઝેરી મચ્છરોને કારણે કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ અને ગંદકીના સામ્રાજય વચ્ચે બિમારીનું પ્રમાણ ઓચીંતુ વધી ગયું છે.

ડીસા શહેરમાં આવેલા સ્લમ વિસ્તારો જેવા કે ગવાડી, રાજપુર, લોધવાસ, કચ્છી કોલોની, શિવનગર, નવાવાસ, ટેકરા સહિતના વિસ્તારોમાં હાલ બિમારએ માથુ ઉંચક્યું છે. પરંતુ તેમ છતાં પણ નગરપાલિકાતંત્રને જાણે કોઈ જ પડી નથી. અનેક ગટરોમાં કચરો ભરાતા મોટા ભાગની ગટરો ચોકઅપ જેવી સ્થિતિમાં છે. તેમાં વરસાદનું પાણી વહેતા ઉભરાઈને જાહેર માર્ગો તેમજ ઘરોમાં ઘુસી રહ્યું છે. શહેરમાં ભણશાળી હોસ્પિટલ પાછળના દરવાજે છેલ્લા ઘણા સમયથી ભણશાળી હોસ્પિટલનું ગંદુ પાણી તળાવ રૂપે ઉભરાઈ રહ્યું છે. એક તરફ શાળા કોલેજ શરૂ થઈ છે. તો વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડે છે. અહી ગંદુ પાણી જે જગ્યાએ છોડાય છે ત્યાં કોર્ટને અડીને આવેલ જીઈબીના થાંભલાની ફરતે પણ એક ફુટ જેટલું પાણી ભરાઈને પડ્યું રહે છે. જેના કારણે દુર્ઘટના સર્જાઈ શકે તેમ છે.

## ઉમેદપુરાના ભૈરવદાદા મંદિરે પાટોત્સવ ઉજવાયો

ઈડરના ઉમેદપુરા ગામના અતિ પ્રાચીન ભૈરવદાદા મંદિરે તાજેતરમાં ભવ્ય પાટોત્સવ ઉજવાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ઉમેદપુરા ગામમાં આવેલ પ્રાચીન ભૈરવદાદા મંદિરે ચાલુ વર્ષે સતત ત્રીજો પાટોત્સવ યોજાયો હતો. જેમાં ધજા આરોહણ, પુજા અર્ચના સહિત અનેક પ્રસંગોમાં યજમાનપદે માલજીભાઈ ગોબરભાઈ રબારી હાજર રહ્યા હતા. ધાર્મિક પર્વ કર્મકાંડી જનકભાઈ શાસ્ત્રીના હસ્તે સંપન્ન થયું હતું. મોટી સંખ્યામાં ભાવિક ભકતોએ દર્શન અને મહાઆરતીનો લાભ લીધો હતો.

## રાજકોટમાં વિજ્ઞાન જાથાનું રાજયવ્યાપી મહાસંમેલ સંપન્ન

ભારત જનવિજ્ઞાન જાથાનું રાજયવ્યાપી મહાસંમેલન યોજાયું હતું. ૫૦૦ ગામ વિસ્તારોમાં અંધશ્રદ્ધા નિર્મૂલ પ્રવૃત્તિની ઘોષણા કરતું જાથા નવા સદસ્યોને તાલીમ આપવામાં આવે છે. રાજકોટના મેયર શ્રીમતી રક્ષાબેન બોળીયા, સંસદસભ્ય કુંવરજી બાવળીયા, ગૌરક્ષા ચેરમેન વલ્લભભાઈ કથરીયાએ હાજરી આપી હતી. અંધશ્રદ્ધા નાબુદ કરવા નિશ્ચય વ્યકત કર્યો હતો.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| પાટણ | | |
|---|---|---|
| જીરુ | ૧૮૦૦ | ૨૩૦૧ |
| વરીયાળી | ૭૫૦ | ૧૪૨૬ |
| જુવાર | ૩૨૦ | ૪૧૧ |
| રાયડો | ૫૭૦ | ૬૩૦ |
| એરંડા | ૬૪૦ | ૬૮૧ |
| ઘઉ | ૩૦૦ | ૩૯૫ |
| બાજરી | ૨૬૦ | ૨૮૭ |
| બંટી | ૩૯૦ | ૪૦૯ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૯૯૨ |
| મેથી | ૫૦૦ | ૬૦૦ |
| સવા | ૬૧૬ | ૭૩૦ |

| વિજાપુર | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| બાજરી | ૨૫૦ | ૩૦૮ |
| ઘઉ | ૨૮૦ | ૩૬૫ |
| જુવાર | ૩૮૦ | ૪૧૦ |
| ગવાર | ૧૩૦૦ | ૧૫૭૧ |

| કૂકરવાડા | | |
|---|---|---|
| એરંડા | ૬૬૧ | ૬૭૦ |
| બાજરી | ૨૩૪ | ૨૫૭ |
| ઘઉં | ૩૪૦ | ૩૬૫ |
| જુવાર | ૩૪૦ | ૪૨૫ |
| ગવાર | ૧૩૧૧ | ૧૫૯૫ |
| રજકો | ૨૧૦૦ | ૨૫૩૦ |
| રાયડો | ૬૨૦ | - |

| ગોઝારીયા | | |
|---|---|---|
| એરંડા | ૬૬૬ | ૬૭૧ |
| બાજરી | ૨૬૪ | ૨૭૮ |
| ઘઉં | ૩૨૦ | ૩૫૦ |
| જુવાર | ૩૦૮ | ૩૯૭ |
| ગવાર | ૧૪૫૧ | - |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| બાજરી | ૨૬૦ | ૨૭૧ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ઘઉ | ૩૧૨ | ૩૫૦ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૨૫ |

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૭૭૦ | ૯૦૧ |
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| ઘઉ | ૩૦૫ | ૫૬૫ |
| બાજરી | ૨૫૭ | ૩૦૦ |
| ગવાર | ૧૪૦૦ | ૧૪૬૫ |
| જુવાર | ૩૫૦ | ૪૦૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉંલોકવન | ૩૧૨ | ૩૩૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૫૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૨ |
| મગ | ૧૦૩૦ | ૧૦૬૦ |
| મગફળી | ૭૭૫ | ૮૩૦ |
| એરંડા | ૬૫૫ | ૬૭૦ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૮૦ | ૨૮૮ |
| ઘઉં | ૩૧૫ | ૩૩૫ |
| ડાંગર | ૨૬૫ | ૨૭૫ |
| એરંડા | ૬૭૫ | ૬૭૯ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૫૧ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૦ |
| તુવેર | ૫૫૦ | ૬૬૦ |
| જુવાર | ૩૫૦ | ૪૪૦ |
| રાયડો | ૫૫૦ | ૬૦૦ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૧૮ | ૨૭૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૦ |
| ડાંગર | ૨૬૦ | ૨૭૦ |
| એરંડા | ૬૭૦ | ૬૭૫ |
| ગવાર | ૧૩૨૫ | ૧૫૪૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૦ |
| તુવેર | ૫૪૦ | ૬૫૦ |
| જુવાર | ૩૨૫ | ૪૩૦ |
| રાયડો | ૫૨૫ | ૫૯૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| મગફળી | ૭૨૫ | ૮૧૩ |
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૧૫ | ૪૦૪ |
| મકાઈ | ૨૬૫ | ૨૮૦ |
| ગવાર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| બાજરી | ૨૬૦ | ૨૮૧ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| રાયડો | ૫૯૬ | ૬૨૭ |
| એરંડા | ૬૩૫ | ૬૮૦ |
| ગવાર | ૧૪૯૧ | ૧૬૦૧ |
| ઘઉં | ૨૮૦ | ૪૦૬ |
| બાજરી | ૨૩૦ | ૨૩૯ |
| જુવાર | ૩૦૦ | ૬૨૦ |
| તલ | ૧૮૬૫ | - |
| વરિયાળી | ૬૦૧ | - |
| સવા | ૬૨૫ | ૬૮૦ |

| ઊંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૧૭૫૦ | ૨૭૨૬ |
| વરીયાળી | ૭૭૦ | ૨૬૨૭ |
| ઈ.ગુલ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| રાયડો | ૬૦૭ | ૬૫૯ |
| સરસવ | ૬૩૯ | - |
| તલ | ૧૮૪૦ | ૨૦૭૦ |

| કડી | | |
|---|---|---|
| ઘઉ | ૨૯૫ | ૩૯૯ |
| બાજરી | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૪૪૦ | ૧૫૬૧ |
| એરંડા | ૧૩૮૬ | ૧૪૪૮ |
| જીરૂ | ૧૯૯૫ | ૨૫૫૧ |
| ડાંગર | ૨૮૦ | ૩૮૧ |
| જુવાર | ૩૮૬ | ૪૧૩ |

| મહેસાણા | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૩ | ૩૧૩ |
| બાજરી | ૩૨૮ | ૪૧૦ |
| એરંડા | ૬૫૫ | ૬૭૫ |
| રાયડો | ૫૬૫ | ૬૦૬ |
| ગવાર | ૧૪૦૦ | ૧૫૫૮ |
| અજમો | ૮૦૦ | ૧૨૨૬ |

| | | |
|---|---|---|
| જુવાર | ૨૧૨ | ૪૩૦ |
| બંટી | ૩૭૦ | ૩૭૭ |

| જોટાણા | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૭૦ |
| એરંડા | ૬૫૦ | ૬૬૬ |
| ગવાર | ૧૪૦૯ | ૧૪૪૭ |
| બાજરી | ૨૧૯ | ૨૪૮ |
| રાયડો | ૫૫૯ | ૬૭૫ |
| જુવાર | ૩૭૫ | ૩૯૨ |

| માણસા | | |
|---|---|---|
| એરંડા | ૬૧૧ | ૬૧૭ |
| ગવાર | ૧૪૮૦ | ૧૫૮૨ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૮ |
| બાજરી | ૨૩૫ | ૨૮૯ |
| જુવાર | ૩૪૧ | ૫૪૮ |

| મોડાસા | | |
|---|---|---|
| મગફળી | ૭૫૦ | ૮૧૭ |
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૪ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૩ |
| ચણા | ૭૫૦ | ૯૦૫ |
| ગવાર | ૧૪૫૦ | ૧૪૭૫ |

| ટીટોઈ | | |
|---|---|---|
| મગફળી | ૭૮૦ | ૮૬૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |

| હારીજ | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૪૦ |
| એરંડા | ૬૪૫ | ૬૭૫ |
| બાજરી | ૨૫૦ | ૨૮૯ |
| ઘઉં | ૨૯૫ | ૪૦૦ |
| ગવાર | ૧૪૦૮ | ૧૫૩૯ |
| ચણા | ૫૫૦ | ૫૯૦ |
| જીરુ | ૨૧૫૦ | ૨૪૮૫ |
| અડદ | ૬૦૦ | ૭૦૦ |
| બંટી | ૩૮૫ | ૪૦૧ |
| મેથી | ૫૦૦ | ૫૨૫ |

| બાવળા | | |
|---|---|---|
| આઈઆર | ૨૮૦ | ૩૦૭ |
| ઘઉં | ૩૧૫ | ૩૩૦ |
| મગ | ૭૨૦ | ૧૦૦૧ |
| એરંડા | ૬૭૧ | ૬૭૭ |
| તલ | ૧૮૩૬ | - |
| મેથી | ૪૫૮ | - |
| રાઈ | ૫૧૬ | ૫૫૫ |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૭૨ |
| એરંડા | ૬૫૨ | ૬૭૯ |
| ગવાર | ૧૪૭૧ | ૧૫૦૦ |
| બાજરી | ૨૪૫ | ૨૮૫ |
| રાયડો | ૬૦૪ | ૬૧૫ |
| ડાંગર | ૨૭૫ | ૩૮૫ |

| પાલનપુર | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૮૪ |
| એરંડા | ૬૫૫ | ૬૭૦ |
| બાજરી | ૨૫૦ | ૨૯૧ |
| રાયડો | ૬૨૦ | ૬૨૫ |
| રાજગરો | ૮૫૦ | ૧૦૪૦ |
| મગફળી | ૭૨૫ | ૮૯૧ |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૭૬ |
| બાજરી | ૨૪૫ | ૨૮૦ |
| એરંડા | ૬૩૦ | ૬૬૫ |
| રાયડો | ૬૦૯ | ૬૧૧ |
| ગવાર | ૧૫૨૪ | ૧૫૭૫ |

| સાણંદ | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૬ | ૩૭૦ |
| ઘઉં | ૩૨૭ | - |
| ડાંગર | ૩૬૦ | ૩૮૫ |
| ડાંગર ગુજ. | ૨૯૯ | ૩૦૬ |
| એરંડા | ૬૫૬ | ૬૭૦ |
| જીરૂ | ૧૪૦૦ | ૨૪૮૫ |
| કમોદ | ૩૩૮ | - |
| મગ | ૯૦૬ | - |
| રાયડો | ૫૫૭ | - |
| તુવેર | ૭૦૦ | ૮૦૩ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૫૨ |
| જુવાર | ૩૦૫ | ૫૩૫ |
| બાજરી | ૨૨૦ | ૩૦૦ |
| ગવાર | ૧૩૯૧ | ૧૪૦૦ |
| રાયડો | ૫૫૦ | ૬૩૨ |
| રાજકો | ૧૫૦૦ | ૨૬૦૦ |
| એરંડા | ૬૫૦ | ૬૮૦ |

| ઇડર | | |
|---|---|---|
| મગફળી | ૭૦૯ | ૯૬૪ |
| ઘઉં | ૩૨૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦ |
| એરંડા | ૬૫૦ | ૬૭૫ |
| બાજરી | ૨૫૦ | ૨૭૭ |
| મગ | ૯૨૫ | ૧૦૦૩૦ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૦૦ |

| બાયડ | | |
|---|---|---|
| બાજરી | ૨૬૦ | ૨૮૦ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૯૦ |
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૨૫૦ |

| સલાલ | | |
|---|---|---|
| મગફળી | ૮૫૦ | ૯૧૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| બાજરી | ૨૫૫ | ૨૭૫ |
| ડાંગર | ૩૧૦ | ૩૩૦ |
| ડાંગર ગુજ. | ૩૫૦ | ૩૭૫ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ડાંગર | ૩૨૫ | ૩૩૧ |
| ડાંગર ગુજ. | ૩૫૦ | ૩૭૫ |